ओ३म्.

તા. ૧૭-૧-૧૫ રવિવારે સુરત આર્ય-સમાજ મંદીરમાં શાસ્ત્રી મણિશંકર રામાએ વિવાહ વિષય ઉપર આપેલાં ભાષણનો ટુંક સાર.

ગૃહસ્થો ! દરેક આશ્રમમાં ગૃહસ્થાશ્રમને આપણા ધર્મ-શાસ્ત્રકારોએ શ્રેષ્ઠ ગણ્યો છે. કારણ કે ગૃહસ્થાશ્રમ એ ઇતર ત્રણ આશ્રમવાળાઓને ભોજન સત્કાર કરનાર આશ્રમ છે. હવે એ આશ્રમની શરૂઆત ક્યારે થાય છે તે આપણે વિચારીએ તો જણાશે જ્યારે વરકન્યાનો પાણિગ્રહણ સંસ્કાર થાય એટલે કે વિવાહ થાય ત્યારથી શરૂઆત થાય છે. હવે વિવાહનો સમય સ્મૃતિઓમાં એ વર્ણવેલો છે કે યથા સમયે ઉપનયનસંસ્કાર કર્યા પછી ત્રિવેદ બાર વર્ષ બ્રહ્મચર્ય રાખીને જ્યારે વ્રત સમાપ્તિ થાય ત્યારે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવો. આ ઉપરથી ચોકસ જણાય છે કે વિવાહ કરનાર પુરૂષની ઉમર તે વખતે ક્રમમાંક્રમ વીશથી ચોવીશ વર્ષ સુધીની થાય છે અને ત્યારે તેનામાં પરિપક્વ વીર્ય તથા

દરેક ધાતુઓ પરિપૂર્ણ થાય છે. તેવીજ રીતે કન્યાની ઉમર ૧
ક્રમેક્રમે સાળ વર્ષની થાય અને ત્યાં સુધી સુશિક્ષિત મા
પિતાની કેળવણીમાં રહીને અસ્ખલિત બ્રહ્મચર્ય રાખે ત્યારે તે ૧
વિવાહ યોગ્ય થાય છે. અને ત્યારેજ વિવાહ સંસ્કારમાં પતિપ
વચ્ચે થતી પ્રતિજ્ઞાઓ તથા વિવાહના શું ઉદ્દેશ છે તે બંને
સમજવામાં આવે. દાખલા તરીકે આપણે જોઇએ કે જે ગૃહ્યસૂત્ર
વિવાહવિધિ છે તેમાં એક " અશ્મારોહણ "ની ક્રિયા કરવાની
છે, જેનું રહસ્ય એવું છે કે—વર વધૂના જમણા હાથ પકડ
વિવાહ સંસ્કાર વખતે હાજર રાખેલી સારી ચપટી શિલા ઉ
ચઢાવે અને તે વખતે વરે બાલવું જોઇએ કે—

आरोहेममश्मानमश्मेव त्वं स्थिरा भव ॥ એના આશય એવા છે કે વર પોતાની વહુને શિલા ઉપર ચઢાવતાં ઉપદેશ આપે છે કે "હે વધૂ ! આ પત્થરની શિલા ઉપર ચઢ; અને તું શિલા ઉપર ચઢતાં છતાં એ શિલા સ્થિર રહે છે, અર્થાત્ તારા ભારથી ડગતી નથી તેવી રીતે એટલે કે તે શિલાની પેઠે મારા ગૃહસ્થાશ્રમમાં તારા ઉપર ગમે તેટલા બોજો આવે તો પણ તું સ્થિર રહેજે."

બંધુઓ ! હવે આપ વિચાર કરો કે સૂત્રમાં કહ્યા પ્રમાણે વર આવી રીતે વિવાહકર્મમાં વધૂને ઉપદેશ આપે અને વધૂ તેનો સમજીને સ્વિકાર કરે, આ સમયે વરની અને વધૂની ઉમર કેટલા વર્ષની હોવી જોઇએ કે જ્યારે વર આવો ઉપદેશ આપી શકે અને વધૂ તેને ગ્રહણ કરી શકે ? સ્વિકારવુંજ પડશે કે વરની ઉમર ચોવીશ વર્ષ અથવા તેથી વધારે અને કન્યાની ઉમર સોળ અથવ

તેથી વધારે હોય તોજ સમજી શકે.

વળી જ્યાં પ્રતિજ્ઞાઓ દર્શાવી છે તેમાં એક મંત્ર એવો છે કે

ममेयमस्तुपोष्या मह्यं त्वादाद् बृहस्पतिः ॥

मया पत्या प्रजावति शं जीव शरदः शतम् ॥

વર પોતાની વધૂને વિવાહ સંસ્કારમાં કહે છે કે –'સર્વ જગતના પાલક પરમાત્માએ જે તને મારે માટે આપી છે તો આ તું મારે પોષણ કરવા યોગ્ય થા–અર્થાત્ હું તારૂં અન્નાદિક વડે પોષણ કરીશ. હે પ્રજાવતિ! એટલે કે પ્રજા ઉત્પન્ન કરવાની યોગ્યતાવાળી! તું હું જે તારો પતિ થયો છું તે મારી સાથે સો શરદ ઋતુ અર્થાત્ સો વર્ષ પર્યન્ત સુખપૂર્વક જીવન ધારણ કર "

આવી રીતે વિદ્વાનોની તથા અગ્નિની સમક્ષ પ્રતિજ્ઞા કરનાર વર તથા તેને સ્વિકારનાર વધૂની ઉમર કેટલી હોવી જોઇએ ? એનો વિચાર બુદ્ધિમાનોએ કરી લેવો. આજ કાલ જે વિવાહ સંસ્કાર થાય છે તેમાં વરકન્યાની યોગ્યતા જોવામાં આવતી નથી તેમ ઉમર પણ જોવામાં નથી આવતી. ફકત કુલવાન ઘર અને સાધારણ પૈસા જોવામાં આવે છે. પછી ભલે તે કુલવાનને ત્યાંનો પુત્ર મૂર્ખ હોય તથા કન્યા કરતાં નાની ઉમરનો હોય અથવા સમાન વયનો હોય તેની કાંઇજ હરકત નહિં !

ગૃહાશ્રમમાં પ્રવેશ કરવાના દરવાજા રૂપ વિવાહ સંસ્કાર તેમાં જ્યારે આવી અંધાધુંધી ચાલે તો પછી તે જોડું ગૃહાશ્રમમાં જોડાઇને પંચમહાયજ્ઞાદિ કાર્યોવડે આખા સંસારનો ઉપકાર કરવામાં તેમજ દીર્ઘાયુષી તથા સંસારોપયોગી વીર તેમજ વિદ્વાન

થઈ શકે તેવી સંતતિ ઉત્પન્ન કરવામાં કયાંથીજ તૈયાર હોય ? જ્યાં સુધી વરવધૂનું જોડું પતિપત્નીના પરસ્પરના ધર્મ સમજનારૂં ન હોય ત્યાં સુધી આજકાલ જેમ ઘણુંએ ગૃહાશ્રમમાં ચાલે છે તેમ પતિપત્નીના પરસ્પર કલહરૂપ દેવાસુર સંગ્રામ ચાલે તો તેમાં આશ્ચર્ય પણ શું? અને માતાપિતાના તેવા કલેશ રૂપ આચરણની છાપ પોતાની સંતતિના ઉપર પડી તેઓ પણ ભવિષ્યમાં તેવાં થાય તો પછી ઉન્નતિ ઉન્નતિ બંને પોકારતા રહીયે પરંતુ અવનતિજ થાય તો તેમાં દોષ કોનો ? બાળલગ્ન કરનાર માતાપિતાનોજ કહી શકાય.

વળી એવાં બાલલગ્નથી જોડાયલું જોડું જો દૈવયોગે સુરક્ષિત રહી ગયું તો તો ઠીક, પરંતુ તેમ ન થતાં તેવી અજ્ઞાન બાલકીનો પતિ સ્વર્ગવાસી થાય તો પછી માતાપિતા વિગેરે કોઇ પણ મનુષ્ય પોતાને માથે દોષ ન લેતાં તે બિચારી અજ્ઞાતયૌવના બાલકીના દૈવનો દોષ કાઢવા તૈયારજ હોય છે ! જેને પતિ એ શું છે તેનું ભાન પણ નથી તેવી બાલકી વિધવા ! ! ! જ્યારે પ્રાચીન ઋષિમુનિયોના પવિત્ર સમય વખતે આવા અસહ્ય સંકટનું નામ નિશાન પણ ન હતું–કારણ કે યોગ્ય વયે વિવાહ થયાથી પતિપત્ની પરસ્પરના ધર્મ જાણે અને તેમ વર્ત્તવામાં બંનેને ગૃહાશ્રમ જન્ય આનંદ તથા ધર્માદિ કાર્યમાં પરસ્પરની સહાયતા વિગેરે યોગ્યતા તેનામાં રહેતી;–તેવા સમયમાં પણ કદાચિત્ પતિનો સ્વર્ગવાસ થાય તો તેની પત્ની વિધવા થતાંજ વિષયાદિ વૃત્તિથી મન હઠાવીને પતિના ગુણ કર્મ સ્વભાવનું ચિંતવન કરતી પરમાત્માની ઉપાસના કરતાં જીવન પર્યંતનું બ્રહ્મચર્ય પાળીને સાધુજીવન ગાળી મુક્તિ ભાગિની થતી. યોગ્ય ઉમરે લગ્ન થયેલી એક ધર્મપત્નીનું એવું જે આચરણ તેજ

ઉત્તમોત્તમ કહેવાય છે. તેવીજ રીતે ક્ષતવીર્ય પુરૂષ પણ વિધૂર થતાં જીવન પર્યંત બ્રહ્મચર્ય રાખી પરમાત્માની ઉપાસનામાં તથા પરોપકારાદિમાં પોતાનો કાલ નિર્ગમન કરે એ ઉત્તમોત્તમ શ્રેયસ્કર માર્ગ છે. પરંતુ પતિ શું કહેવાય તે જાણતી પણ ન હોય તે કન્યા વિધવા થાય તેનો શું નિર્વાહ ? તેને માટે ઉદાર ચરિત ઋષિવર્ય મનુ મહારાજાદિએ ધાર્મિક વ્યવસ્થાઓ દર્શાવી છે તે તરફ આપનું ધ્યાન ખેંચું છે.

सा चेदक्षतयोनिः स्याद् गतप्रत्यागतापि वा ॥
पौनर्भवेन भर्त्रा सा पुन : संस्कार मर्हति ॥म० अ० ९
श्लो० १७६

જો તે સ્ત્રી અક્ષતયોનિ હોય અને પતિને ઘેર જઇને પાછી પણ આવી હોય તો પણ તે વિધવા થાય તો તે પૌનર્ભવ પતિસાથે પુનઃ સંસ્કાર કરવા યોગ્ય છે.

હવે પૌનર્ભવ કોને કહેવાય છે તે આપણે જોઇયે.

यापत्या वा परित्यक्ता विधवा वा निजेच्छया
उत्पादयेत् पुनर्भूत्वा स पौनर्भवं उच्यते ॥ १७५॥
म० अ० ९

જે સ્ત્રી પતિવડે ત્યાગ થઇ હોય તે અથવા તો જેનો પતિ મરણ પામ્યો હોય તે વિધવા સ્ત્રી બીજા પતિનું પાણિગ્રહણ કરી પુત્ર ઉત્પન્ન કરે તેને પૌનર્ભવ કહેવાય છે.

આ પ્રમાણે આર્યસમાજ અક્ષતયોનિ સ્ત્રીનોજ પુનર્વિવાહ મહર્ષિ મનુ મહારાજની આજ્ઞા પ્રમાણે માને છે અને તે પણ આપદ્ધર્મ તરીકે સ્વિકારે છે. જ્યારે આમ સ્પષ્ટ મનુનાં પ્રમાણો છે છતાં

આજકાલ કેટલાએક ઉપદેશકો લોકોને સમજાવતાં કહે છે કે "દયાનંદ લખે છે કે સ્ત્રીએ પુનર્વિવાહ કરવો." પરંતુ આપ જોઇ શકશો કે સ્વામી દયાનંદજીએ સત્યાર્થપ્રકાશમાં એ પ્રકરણ લખ્યું છે, ત્યાં મનુની સંમતિનું પ્રમાણ દર્શાવ્યું છે. અલબત જો કોઇ ઋષિવર્યનું પ્રમાણ ન આપતાં સ્વામિ દયાનંદજીએ પોતાની ગાંઠથી કહ્યું હોત તો વિચારવા જેવું હતું, પરંતુ અત્યારે એ વિષયપર આક્ષેપ કરવામાં આવે છે તે દયાનંદ ઉપર તો નહીજ કિન્તુ ભગવાન્ મનુમહારાજનાઉપ રજ એ આક્ષેપ આવે છે. એને માટે સવિસ્તર વિશેષ પ્રમાણો જોવાં હોય તો **ભાસ્કર પ્રકાશ** વાંચો એટલે ખાત્રી થશે.

કહે છે કે સ્વામિ દયાનંદે તો અર્થ ફેરવી નાંખ્યા છે ! આ તો **आत्मनो बिल्वमात्राणि पश्यन्नपि नपश्यति** પોતાનું છીદ્ર મોટું બીલાં જેવું હોય તેને જોતાં છતાં પણ ન જોવા જેવું કરે છે. એનો આવો ટુંક ચિતાર જેણે જોવો હોય તેઓએ કૃપા કરી એક વખત **માર્તંડ પ્રકાશ** કે જે એક નાનું પુસ્તક છે તે વાંચવા તસ્દી લેવી. જો કે વ્યાકરણના નિયમાનુસાર તથા કોશ આદિના નિયમાનુસાર એક પણ શબ્દના અર્થમાં સ્વામિદયાનંદજીએ ફેરફાર કર્યો નથી, છતાં તેઓને કહેવામાં આવે છે કે અર્થમાં ફેરફાર કર્યો. ત્યારે અબોધદ્વાંતમાર્તંડમાં સ્વકીય સિદ્ધાંત પ્રમાણે પરમાત્માનું નિરાકારપણું સ્વિકારતાં છતાં લોકોમાં પોતાનો સ્વાર્થસાધવા માટે જેશતપથ બ્રાહ્મણ ચૌદમા કાંડમા **अथवाग्मिकवर्पांतथा अथवराहविहतां** એવી રીતે કંડિકાની શરૂઆત છે ત્યાં બંને કંડિકામાં પોતાની ગાંઠના **मूर्तिनिर्माणाय** પદ ગોઠવી આખા ગ્રંથને બગાડવો એના જેવી ધૃષ્ટતા બીજી કઇ કહેવાય?

વળી મનુસ્મૃતિ અધ્યાય ૮ શ્લોક ૨૨૬ ઉપર ટીકાકાર કુલ્લુક ભટ્ટ લખે છે કે—

नतुक्षतयोनेर्वैवाहिकमन्त्रहोमादिकनिषेधकमिदं "यागर्भिणीसँस्क्रियते" तथा "वोढुः कन्यासमुद्भवम्" इति मनु नैवक्षतयोनेरपि विवाहसंस्कारस्य वक्ष्यमाणत्वात् ॥ देवलेनतु "गान्धर्वेषुविवाहषु पुनर्वैवाहिकोविधिः॥कर्तव्यश्चत्रिभिर्वर्णैः समयेनाग्निसाक्षिकः॥इति

"અર્થાત્ એ વચન ક્ષત યોનિના વિવાહ મંત્ર હોમાદિનું નિષેધક નથી; કેમકે મનુએ સ્વયં यागर्भिणी. તથા वोढुःकन्या ની આગળ ક્ષત યોનિનો પણ વિવાહ સંસ્કાર કહ્યો છે. અને દેવલે તો ગાંધર્વ વિવાહોમાં પુનર્વિવાહની વિધિ ત્રણે વર્ણોએ એટલે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યોએ અગ્નિની સાક્ષીથી કરવી એમ કહ્યું છે."

હવે સજ્જનો ? આ કુલ્લુક ભટ્ટ ટીકાકાર આર્યસમાજી ન હતા, તેમ કેટલાએકનાં કહેવા મુજબ દયાનંદી પણ ન હતા, તો હવે તેને માટે શું કહેશો ? નાહક આગળ પાછળ કાંઇ પણ જોયા જાણ્યા સિવાય ફક્ત લોકોને ભડકાવવા માટેજ "સ્વામી દયાનંદ ઐસા લિખતાહે" કહી દેવું એ કેટલું વિસ્મય જનક કહેવાય ? કેટલીએક સ્મૃતિઓ કે જેને વૈદિક સિદ્ધાન્તાનુંયાયીઓ વેદ વિરૂદ્ધ હોવાથી માનતા નથી પરંતુ જેઓને દરેક સ્મૃતિયો અને દરેક પુરાણો માન્ય છે તેને પુછી શકાય એમ છે કે—;

अक्षता च क्षताचैव पुनर्भूः संस्कृतापुनः

याज्ञवल्क्यस्मृतिः

અક્ષતયોનિ હોય ચાહે ક્ષતયોનિ હોય પરંતુ ફરી વિવાહ સંસ્કાર કરવાથી તે પુનર્ભૂ કહેવાય છે. વળી નારદસ્મૃતિમાં કહ્યું છે કે—

उद्वाहितापिसाकन्या नचेत्संप्राप्तमैथुना

पुनः संस्कारमर्हैत यथाकन्यातथैवसा ॥१॥

नारदस्मृतिः

વિવાહ સંસ્કાર થયેલો હોય છતાં પણ જો તે કન્યા પ્રાપ્ત મૈથુન થઇ ન હોય તો તેવી વિધવાનો ફરીથી વિવાહ સંસ્કાર કરવા યોગ્ય છે, કારણ કે જેવી કન્યા છે તેવીજ તે છે. વળી કાત્યાયને કહ્યું છે કે

वरयित्वांतु यः कश्चित्प्रणश्येत्पुरुषो यदा ॥

ऋत्वागमां स्त्रीनतीत्य कन्यान्यं वरयेद्वरम् ॥१॥

कात्यायन

જો કોઇ પુરૂષ કન્યા સાથે વિવાહ કરીને પછી નાશ પામે તો તે કન્યાએ પોતાને આવતા ત્રણ ઋતુઓ ગયા પછી બીજા વર સાથે પાણિગ્રહણ કરી લેવું. વળી કાત્યાયન સ્મૃતિકાર કહે છે કે—

वरोयद्यन्य जातीयः पतितः क्लीब एव वा ।

विकर्मस्थः सगोत्रोवा दासो दीर्घामयोऽपिवा ॥

ऊढापिदेया साऽन्यस्मै सहाभरण भूषिता ।

જો વર અન્ય જાતિનો હોય, પતિત હોય, કુકર્મી હોય, સગોત્રી હોય, દાસ હોય, મહારોગી હોય તો તેવા સાથે કન્યાનો વિવાહ કર્યો હોય તો પણ તે કન્યાનો વસ્ત્રાભરણ સહિત અન્ય વર સાથે વિવાહ કરાવી દેવો. ઇત્યાદિ

જો કે અમે તો આ પૂરાણપ્રાયઃ સ્મૃતિઓનાં વ્યભિચાર સિદ્ધાંત ને માનતા નથી પરંતુ જેઓ દરેક સ્મૃતિ પુરાણોને મહા માન્ય સમજે છે તેને દર્પણ દેખાડવાને ઉપરનાં વચનો ટાંક્યાં છે, તો શું આ બધા સ્મૃતિકારો પણ દયાનંદી હતા કે કેમ ! જરા આપનું પોતાનું ઘર બરાબર તપાસીને પછી "દયાનંદ અયસા લિખતા હે," બોલાય તો કંઇ વ્યાજબી પણ કહેવાય.

વળી આજકાલ જ્યાં હોય ત્યાં નિયોગની મહા તોપ દ્રોહો ને અંધારામાં રાખવા માટે આર્યસમાજીઓ સામે ગોઠવવામાં આવે છે. તેમાં કહે કે સ્વામી દયાનંદે નિયોગ કરવાનું લખ્યું છે! વાહ ભાઇ વાહ ? મૂલ લખનાર કોણ ? તેનું તો નામ નિશાન નહિં અને તેનું પ્રમાણ આપનારનાપર આમ કુદી પડવું એ કોના ઘરની વાત ?

મનુસ્મતિના નવમા અધ્યાયમાં

देवराद्वासपिंडा द्वा स्त्रिया सम्यङ् नियुक्तया ॥
प्रजेप्सिताधिगन्तव्या सन्तानस्य परिक्षये ॥५९॥
विधवायां नियुक्तस्तु घृताक्तो वाग्यतो निशि ॥
एकमुत्पादयेत्पुत्रं नद्वितीयं कथंचन ॥ ६०
द्वितीयमेकेप्रजनं मन्यन्ते स्त्रीषुतद्विदः ॥
अनिर्वृत्तं नियोगार्थं पश्यंतो धर्मतस्तयोः ॥ ६१
विधवायां नियोगार्थे निर्वृत्ते तु यथाविधि ॥
गुरुवच्च स्नुषावच्च वर्त्तेयातां परस्परम् ॥
नियुक्तौ यौ विधिंहित्वा वर्त्तेयातां परस्परम् ॥
तावुभौ पतितौस्यातां स्नुषागरुतल्पगो ॥ ६३ ॥

અર્થાત્ દેવર અથવા સપિંડ સાથે નિયોગ કરીને સ્ત્રીને મન ચાહે તેવું સંતાન ઉત્પન્ન કરે પરંતુ ત્યારેજ કે જ્યારે કુલક્ષય થતું હોય. જે પુરૂષ વિધવા સાથે નિયોગ કરે તે રાત્રે મૌન ધારણ કરવું, શરીરે ઘી મસળવું, અને એક પુત્ર ઉત્પન્ન કરવો. પરંતુ કોઇ પણ કારણસર બીજો પુત્ર ઉત્પન્ન કરવો નહિ. (આ ઠેકાણે પુત્ર શબ્દે કરીને સામાન્ય સંતાન ગ્રહણ કરવું.)કોઇ એક આચાર્ય સ્ત્રીઓમાં નિયોગ વડે બીજી પ્રજા ઉત્પન્ન કરવાનું પણ માને છે. વિધવા સાથે નિયોગ કરવામાં વિધિ પૂર્વક વીર્યદાન આપ્યા પછી તે સ્ત્રી અને પુરૂષે પરસ્પર ગુરૂ અને પુત્રવધૂની સમાન વર્તવું. જે સ્ત્રી અને પુરૂષ નિયોગના વિધિનું ઉલ્લંઘન કરીને પરસ્પર વ્યવહાર કરે તો તે બંને પુત્રવધૂ સમાગમી અને ગુરૂગામિનીની પેઠે પતિત થાય છે. અર્થાત્ સંતાનોત્પત્યર્થે શિવાય કામ ક્રીડા સર્વથા ત્યાજ્ય છે.

હવે આપ વિચાર કરો કે આ શ્લોકો ખાસ મનુસ્મૃતિના છે, તો નિયોગ સંબંધિ કાંઇ પણ નિંદા અથવા કટાક્ષ કરવામાં કોઈ પણ તૈયાર હોય તેઓએ મનુમહારાજની નિંદા કરવી જોઈએ. એમાં સ્વામી દયાનંદજીએ કાંઇ પોતાના ઘરનું તો લખ્યુંજ નથી. છતાં "દયાનંદ નિયોગ લિખતા હે." એ કહેવું કેવું કહેવાય? કદાચિત્ કોઇ કહે કે મનુસ્મૃતિના નવમા અધ્યાયના શ્લોક ૬૫થી શ્લોક ૬૮ સુધીમાં નિયોગનો નિષેધ કર્યો છે ? પરંતુ તે શ્લોક વાંચનારે જાણવું જોઇએ કે "વેનરાજાએ વર્ણસંકર પ્રજા કરવા માંડી ત્યારથી નિયોગની નિંદા વિદ્વાનોએ કરી " હવે એ ચાર શ્લોકો મનુપ્રોક્ત જણાતા પણ નથી કારણકે વેનરાજાની ઉત્પત્તિ સૃષ્ટિને ઘણો વખત

પ૪૪૧

થયા પછી થઇ છે, અને સ્વાયંભુવ મનુજી તો સૃષ્ટિના આરંભમાં હતા, તો પછી વેનરાજાનું વૃત્તાંત ભૂતકાલના પ્રત્યયથી મનુમહારાજ લખે એ અસંભવ છે. આ વાત સવિસ્તર જોવી હોય તો "ગુજરાતી સરલાર્થવાળી મનુસ્મૃતિ" એકવાર વાંચી જોવા કૃપા કરવી.

વળી મનુમહારાજે નવમા અધ્યાયમા જયાં દાય ભાગનું પ્રકરણ ચાલે છે ત્યાં ઔરસાદિ બાર પુત્રો ગણાવ્યા છે, તેમાં બીજો પુત્ર ક્ષેત્રજ કહ્યો છે. હવે ક્ષેત્રજ પુત્ર કોને કેહેવો ? તેમાં મનુજી લખે છે કે—

यस्तल्पजः प्रमीतस्य क्लीबस्य व्याधितस्यवा ॥
स्वधर्मेण नियुक्तायां सपुत्रः क्षेत्रजः स्मृतः ॥१६७॥

म० अ० ९

જેનો સ્વામી મરણ પામ્યો હોય, નપુંસક હોય, અથવા પ્રસવવિરોધિ વ્યાધિવાળો હોય, તેની નિયુક્ત સ્ત્રીમાં નિયોગના ધર્મ વડે ઉત્પન્ન થયેલો પુત્ર તે "ક્ષેત્રજ" કહેવાય છે. ૧૬૭.

હવે જો આપદ્ ધર્મ તરિકે મનુસ્મતિમાં નિયોગનું વિધાન ન હોત તો "ક્ષેત્રજ પુત્ર" કોનું નામ કેહેવાય ? એ તો કૃપા કરી જણાવો.?

વળી મહાભારતમાં ધૃતરાષ્ટ્ર, પાંડુ, વિદૂરજી, યુધિષ્ઠિરાદિ પાંચે પાંડવો પણ ક્ષેત્રજ પુત્ર કહેવાય છે. જેણે જોવું હોય તેણે મહાભારત આદિ પર્વ અધ્યાય ૧૦૩થી ૧૦૫ સુધીમાં જોઇ લેવું. સાધારણ તાત્પર્ય એ છે કે—

इमे महिष्यौ भ्रातुस्ते काशिराजसुतेशुभे ॥
रूपयौवनसंपन्ने पुत्रकामे च भारत ॥
तयोरुत्पादयापत्यं संतानाय कुलस्य नः ॥
मन्नियोगान्महाबाहो धर्मंकर्तुमिहार्हसि ॥

महाभारत आदि०

સત્યવતી ભીષ્મ મહારાજાને કહે છે કે હે ભીષ્મ ! આ બંને કાશીરાજાની પુત્રીઓ તારા ભાઇની રાણીઓ છે; બંને રૂપયૌવન સંપન્ન છે અને તેઓને પુત્રની ઇચ્છા છે. તો અમારા કુલના વિસ્તાર માટે હે મહાબાહો ? મારી આજ્ઞાથી તું એઓમાં નિયોગથી સંતતિ ઉત્પન્ન કરવા માટે યોગ્ય છે.

જ્યારે આમ કહેતાં છતાં બાલ બ્રહ્મચારી ભીષ્મે માન્યું નહીં ત્યારે સત્યવતીએ આ નિયોગરૂપ આપદ્ધર્મ વ્યાસને કહીને તેનાથી ધૃતરાષ્ટ્રાદિની ઉત્પત્તિ કરાવી,

જેઓએ એ વાત વિશેષ જાણવી હોય તેઓએ મહાભારત આદિ પર્વ અધ્યાય ૧૦૫ મો જોઇ લેવો. આવા નિયોગ મહાભારતમાં ઘણા છે પરંતુ વિસ્તાર ભયથી એકજ દૃષ્ટાંતથી બસ થશે.

જ્યારે આપ્રમાણે મનુસ્મૃતિમાં તથા મહાભારતમાં નિયોગના પ્રત્યક્ષ પુરાવાઓ પડેલા છે તો પછી :" દયાનંદ એસા લિખતા હૈ" એમ કેહેવુ કેવું કેહેવાય ?

વૈદિક સિદ્ધાન્તાનું યાયી આર્યો તો પ્રથમ કહ્યું તે પ્રમાણે એમજ માને છે કે જે સ્ત્રી અથવા પુરૂષ વિવાહ થયા પછી વિધવા અથવા વિધુર થાય

તેણે જીવનપર્યંત બ્રહ્મચર્ય રાખી તપશ્ચરણ કરીને પરમાત્માની પ્રાપ્તિમાં મન લગાડવું એ ઉત્તમોત્તમ પક્ષ છે. અને જે અક્ષતયોનિ હોય તેણે આપદ્ ધર્મ તરીકે પુનર્વિવાહ કરવો. જેનાથી વિષયવાસના રોકી શકાતી હોય તેને પુનર્વિવાહ કરવાની કાંઇ જરૂર નથી પરંતુ તેમ ન થતાં ગર્ભપાતાદિ થવા સંભવ હોયતો અક્ષતયોનિનો પુનર્વિવાહ કરવો એ યોગ્ય માનીએ છીયે. પરંતુ એ આપદ્ ધર્મ કહેવાય. અને નિયોગ પણ આપદ્ધર્મ છે. પરંતું નિયોગ વિધિ એટલો બધો કઠણ છે કે જ્યારે યોગ્ય બ્રહ્મચારી અને યોગ્ય બ્રહ્મચારિણી હોય, જેણે ઇંદ્રિયદમન કર્યું હોય, અને કામાસક્તિથી વિરક્ત હોય તેવાઓ જ્યારે કુલક્ષયાદિ આપદ્ ગ્રસ્ત થાય તેને માટે છે. એવો બ્રહ્મચર્ય કાલ મહાભારતના વખત સુધી હતો, અને તે વખતે નિયોગ થતો હતો પરંતુ અત્યારે તેવો બ્રહ્મચર્ય કાલ નથી એટલે એ વિષય આ વખતે ઉપયોગી પણ નથી પરંતુ સ્વામી દયાનંદજી એ જે સત્યાર્થ પ્રકાશમાં એ વિષય લીધો તે ફક્ત ધર્મ શાસ્ત્રની સંમતિ જણાવી કે "કુલક્ષયાદિ આપદ્ધર્મમાં નિયોગ વિધાન પણ મનુઆદિએ કહેલું છે." તો પછી તેને માટે "દયાનંદ લિખતા હૈ" એમ કેહેવું એ વિદ્વાનોની દૃષ્ટિથી તો વ્યાજબી નહિંજ કેહેવાય. આવીજ રીતે અગિઆર પતિના સંબંધમાં પણ સમજવાનું : છે કે એ વાત નિયોગ વિધાનમાં આવી જાય છે. તેનો પણ સવિસ્તર ખુલાસો જોઇયે તો કૃપા કરી માર્તંડ પ્રકાશ તથા ભાસ્કર પ્રકાશનો ચતુર્થ સમુલ્લાસ વાંચો એટલે આપને સ્પષ્ટ સમજાશે. મને અત્યારે ટાઇમ થોડો છે એટલા વખતમાં આપને હું કેટલું કહી શકું ?

ગૃહસ્થો ! આજકાલ જે જે આક્ષેપો આર્યસમાજ તથા સ્વામી દયાનંદજીના પર થાય છે તે બધાનો પ્રયુત્તર હાલજ આપીયે છીયે એમ નથી, પરંતુ એ આક્ષેપોના સવિસ્તર ઉત્તરો તો તા. ૯-૬-૧૯૯૭ ના અપાયલા છે; અને તેજ ગ્રંથનું નામ ભાસ્કરપ્રકાશ છે, પરંતુ તે ઉત્તરો તરફ લક્ષ ન આપતાં પાછા જાણે તાજીજ શંકા કરીયે છીયે એમ માની લેવું એ કેવી બુદ્ધિમત્તા કહેવાય ? વળી કહે છે કે "પતિ વિદેશ ગયો હોય ત્યારે અમુક વર્ષ પછી સ્ત્રીએ બીજો પતિ કરી લેવો." એમ દયાનંદ લખે છે. અહાહા ! કેવું હડહડતું જુઠું? અરે તે ઠેકાણે સાફ સાફ મનુસ્મૃતિના શ્લોક આપ્યા છે છતાં દયાનંદે લખ્યું એમ કહે છો આવું બોલવા કરતાં એમ કહોની કે અમે મનુને માનતાજ નથી ? ? અમારી સમજ પ્રમાણે તો જે વખત પતિનો પત્તો કોઇ પણ રીતે મળી શકતો ન હોય તેવી આપત્તિમાં મનુમહારાજે એ વ્યવસ્થા આપદ્ધર્મ તરીકે બતાવેલી હોવી જોઇયે. અત્યારે તો આખા ભૂમંડલમાં ગમે ત્યાં પતિ જાય ત્યાંથી તેના પત્રો આવે છે અને ત્યાં જઇ પણ શકાય છે તો પછી તે આપદ્ધર્મ વ્યવસ્થા વ્યવ્યવસ્થા મનુએ લખી છે તે શ્લોકની જરૂરજ હાલ તો નથી, પરંતુ આવો પણ આપદ્ધર્મ બતાવ્યો તેમા પણ સ્વામી દયાનંદ ગુન્હેગાર કે ? આનુ નામતો જહાં ગીરીજ કહેવાય પણ કોણ પુછે ? અને કોણ મનુસ્મૃતીનું પાનુ ઉઘાડીને જોવાની પણ તસ્દી લે? કૃપા કરી એકવાર સત્યાર્થ પ્રકાશ માં આપેલા પ્રમાણો આપે તે ગ્રંથો મેળવી જોશો તો સ્વામી દયાનંદજી તથા આર્યસમાજપરના આરોપો અસત્યજ ઠરશે. એટલી પ્રાર્થના કરી વિરમું છું. ઇતિશમ્.

આર્યસમાજના નિયમો.

આર્યસમાજમાં દાખલ થનાર માણસે જે દશ નિયમો કબુલ કરવા જોઇએ અને દરેક આર્યસમાજી જે નિયમો પાળવાને બંધાયેલો છે તે નિયમો આ પ્રમાણે છે.

૧. સર્વ વિદ્યા અને જે પદાર્થવિદ્યાથી જાણવામાં આવે છે તે સર્વનું આદિ મૂલ પરમેશ્વર છે.

૨. ઇશ્વર સચ્ચિદાનંદ સ્વરૂપ, નિરાકાર, સર્વશક્તિમાન, ન્યાયકારી, દયાળુ, અજન્મા, અનંત, નિર્વિકાર, અનુપમ, સર્વાધાર, સર્વેશ્વર સર્વવ્યાપક, સર્વાન્તર્યામી, અજર, અમર, અભય, નિત્ય, પવિત્ર, અને સૃષ્ટિકર્તા છે; એની ઉપાસના કરવી યોગ્ય છે.

૩. વેદ સત્યવિદ્યાઓનું પુસ્તક છે. વેદનું ભણવું, ભણાવવુ અને સાંભળવું, સંભળાવવું એ સર્વ આર્યોનો પરમ ધર્મ છે.

૪. સત્યનું ગ્રહણ કરવામાં અને અસત્યને છોડવામાં સર્વદા ઉદ્યત રહેવું જોઇએ.

૫. સર્વ કામ ધર્માનુસાર અર્થાત્ સત્ય તથા અસત્યનો વિચાર કરીને કરવાં જોઇએ.

૬. સંસારનો ઉપકાર કરવો એ આ સભા (સમાજ)નો મુખ્ય ઉદ્દેશ છે. અર્થાત્ શારીરિક, આત્મિક અને સામાજીક ઉન્નતિ કરવી.

૭ સર્વ સાથે પ્રીતિપૂર્વક ધર્માનુસાર યથાયોગ્ય વર્તવું જોઇએ.

૮. અવિદ્યાનો નાશ અને વિદ્યાની વૃદ્ધિ કરવી જોઇએ.

૯. પ્રત્યેક જણે પોતાની ઉન્નતિથી સંતુષ્ટ ન રહેવું જોઇએ; પરંતુ સર્વેની ઉન્નતિમાં પોતાની ઉન્નતિ સમજવી જોઇએ.

૧૦ સર્વ મનુષ્યોએ સામાજીક સર્વહિતકારી નિયમ પાળવામાં પરતંત્ર રહેવું જોઇએ અને સ્વહિતકારી નિયમમાં સ્વતંત્ર રહેવું જોઇએ.

સુરત આર્યસમાજમાં વેચાતાં પુસ્તકો.

ત્વક્દોષ નિરૂપણ (સચિત્ર વૈદક ગ્રંથ) કીં.	૦–
ભજન, સંધ્યા, પ્રાર્થના.	૦–
સત્યાર્થ પ્રકાશ	૧–
વૈદિક સંસ્કાર વિધિ (ગુજરાતી ટીકા સાથે)	૦=૧
મનુસ્મૃતિ (ગુજરાતી ભાષાંતર સાથે)	૧–૪
ઋગ્વેદાદિ ભાષ્યભૂમિકા.	૧–૦
પુરૂષાર્થ પ્રકાશ.	૦–૧
ચીખલી શાસ્ત્રાર્થ (શંકરાચાર્ય સાથે થયેલો તે)	૦–૧
આર્યસમાજ શું છે ?	૦–૧–૦
મૂર્તિ પ્રકાશ.	૦–૦–૬
સ્વર્ગમાં સબજેક્ટ કમિટી.	૦–૨–૬
વેદ શું છે?	૦–૦–૬

આ સિવાય પંચ મહાયજ્ઞ, જુદે જુદે ઠેકાણે છપાયલા ભજન સંગ્રહ, વગેરે અનેક પ્રકારનાં નાનાં પુસ્તકો સુરત આર્યસમાજ મંદિરમાંથી વેચાતાં મળી શકશે. વેદ ભાષ્ય વગેરે મોટા ગ્રંથો લેવા ઇચ્છનારને જે તે સ્થળેથી મંગાવી આપવામાં આવશે.

પુસ્તકાધ્યક્ષ.
સુરત આર્યસમાજ

છાપનાર—મગનભાઈ ભાઈદાસ.
છાપવાનું ઠેકાણું—૨૫૦ ખુ. અ. ના "ધી સુરત જૈન" પ્રીન્ટીંગ પ્રેસ
ખપાટીઆ ચકલા—સુરત.
પ્રસીદ્ધ કરનાર—ગોવીંદરામ નરભેરામ શેઠ,
પ્રસીદ્ધ કરવાનું ઠેકાણું—લીમડાચોક સુરત.